

# માનવ ઈતિહાસની સૌથી ખતરનાક ડેમ હોનારતની દાસ્તાન

૭ ઓગસ્ટ ૧૯૭૫ની એ કાળી રાત હતી. ચીનના હેનાન પ્રાંતમાં આકાશ જાણે ફાટી પડ્યું હતું. બહાર 'ટાઈફૂન નીના' નામનું એક રાક્ષસી વાવાઝોડું એવું તાંડવ મચાવી રહ્યું હતું કે ૨૪ કલાકમાં આખા વર્ષ જેટલું પાણી વરસી ચૂક્યું હતું. કંટ્રોલ રૂમમાં બેઠેલા ઈજનેરોના હાથ ધ્રૂજી રહ્યા હતા. સામે લાગેલા મીટરની સોય ખતરાના લાલ નિશાનને ક્યારનીય વટાવી ચૂકી હતી. જે ડેમ માટે સરકાર ગર્વથી કહેતી હતી કે 'આ તો ૧૦૦૦ વર્ષ સુધી નહીં તૂટે', એ જ ડેમની દીવાલ સામે અબજો ટન પાણી કાળ બનીને ઊભું હતું.

રાત્રે બરાબર ૧:૩૦ વાગ્યે પહાડો ચીરી નાખે તેવો એક પ્રચંડ ધડાકો થયો. એક જ ઝટકામાં ૪૦૦ મીટર લાંબી દીવાલ તૂટી પડી અને શરૂ થઈ માનવ ઈતિહાસની સૌથી મોટી, સૌથી દર્દનાક અને ૩૦ વર્ષ સુધી દબાવી રાખવામાં આવેલી એક હોરર સ્ટોરી!

વાત શરૂ થાય છે ૧૯૫૦ના દાયકાથી. ચીને પૂર રોકવા માટે એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધર્યો–બેન્કિયાઓ ડેમ (Banqiao Dam). તેને સમગ્ર વિસ્તારના ૬૦થી વધુ નાના-મોટા ડેમ્સનું 'સુરક્ષા કવચ' બનાવવાનું હતું. સોવિયેત યુનિયનના ટોચના ઈજનેરોને બોલાવાયા અને ૧૧૮ મીટર ઊંચો ડેમ તૈયાર થયો.

ડેમ કોંક્રીટનો નહીં પણ ખાસ પ્રકારની માટી (Clay) થી બન્યો હતો. માટીનો ડેમ મજબૂત તો હોય, પણ એની એક મોટી નબળાઈ છેઃ જો પાણી દીવાલની ઉપરથી વહી ગયું, તો આખી માટી ધોવાઈ જાય અને ડેમ પત્તાના મહેલની જેમ ક્ષણભરમાં બેસી જાય. છતાં સરકારે છાતી ઠોકીને એને નામ આપ્યું–'ધ આયર્ન ડેમ' (લોખંડી ડેમ)!

આ આંધળા ઉત્સાહ વચ્ચે એક બુદ્ધિશાળી માણસે ખતરો પારખી લીધો હતો–ચીનના જાણીતા હાઈડ્રોલોજિસ્ટ ચેન શિંગ.

ચેન શિંગે ડેમની ડિઝાઈન જોઈને સ્પષ્ટ ચેતવણી આપીઃ

"આ ડેમમાં પાણી નિકાલ માટે ઓછામાં ઓછા ૧૨ સ્પિલવે ગેટ હોવા જોઈએ. જો ગેટ ઓછા હશે અને અતિવૃષ્ટિ થશે, તો પાણી ડેમની ઉપરથી વહેશે અને આ માટીનો ડેમ એક મિનિટ પણ નહીં ટકી શકે!"

પરંતુ સોવિયેત એન્જિનિયરિંગના નશામાં ચૂર સરકારી બાબુઓએ ચેન શિંગને "નિરાશાવાદી" અને "પાગલ" કહીને પ્રોજેક્ટમાંથી જ બહાર ફેંકી દીધા. ૧૨ ગેટની જગ્યાએ બન્યા માત્ર ૫ ગેટ!

વીસ વર્ષ સુધી બધું બરાબર ચાલ્યું. ચેન શિંગની ચેતવણી ફાઈલોની ધૂળ નીચે દબાઈ ગઈ. પણ પછી આવ્યો ઓગસ્ટ ૧૯૭૫.



પેસિફિક મહાસાગરમાંથી ઉઠેલું 'ટાઈફૂન નીના' દરિયાકાંઠે ટકરાયું. સામાન્ય રીતે વાવાઝોડાં જમીન પર આવીને નબળાં પડી જાય છે, પણ અહીં કુદરતને કંઈક અલગ જ મંજૂર હતું. હેનાનના પહાડો વચ્ચે વાવાઝોડું ફસાયું અને ઉત્તરના ઠંડા પવનો સાથે ટકરાતાં ત્યાં જ થંભી ગયું. જ્યાં આખા વર્ષમાં ૮૦૦ મિમી વરસાદ પડતો હતો, ત્યાં માત્ર ૨૪ કલાકમાં ૧૦૦૦ મિમીથી વધુ વરસાદ ખાબક્યો

૬ ઓગસ્ટની મધ્યરાત્રિએ રિઝર્વોયરમાં પાણી ખતરાના સ્તરને વટાવી ગયું. પાણી ડેમની ટોચથી માત્ર થોડા ઈંચ દૂર હતું. ઈજનેરો ગભરાઈ ગયાઃ

ગેટ ખોલવાની પરમિશન માટે સરકારી અને આર્મી હેડક્વાર્ટરને વાયરલેસ-ટેલિગ્રાફ કરવા ગયા, પણ વાવાઝોડાએ થાંભલા ઉખાડી નાખ્યા હતા. બહારની દુનિયા સાથેનો સંપર્ક ૧૦૦% કપાઈ ગયો

### હોનારતના આંકડા એક નજરે

| | |
|---|---|
| તૂટી પડેલા ડેમ્સની સંખ્યા | ૬૨ |
| તરત ડૂબી જવાથી મૃત્યુ | ૨૬,૦૦૦ |
| રોગચાળો અને ભૂખમરાથી મોત | ૨,૦૦,૦૦૦ |
| કુલ મૃત્યુઆંક (અંદાજિત) | ૨,૩૦,૦૦૦થી વધુ \| અસરગ્રસ્ત વસ્તી \| ૧ કરોડથી વધુ લોકો |

હતો. પરમિશનની રાહ જોયા વગર ઈજનેરો ગેટ ખોલવા દોડ્યા. પણ વર્ષોથી સર્વિસ ન થવાને કારણે, કાટ અને કાદવથી વિશાળ લોખંડી ગિયર્સ જામ થઈ ચૂક્યા હતા! ૫ માંથી માંડ થોડા ગેટ અડધા ખૂલ્યા,

**એક જ ઝટકામાં ૪૦૦ મીટર લાંબી દીવાલ તૂટી પડી અને શરૂ થઈ માનવ ઇતિહાસની સૌથી મોટી, સૌથી દર્દનાક અને 30 વર્ષ સુધી દબાવી રાખવામાં આવેલી એક હોરર સ્ટોરી !**

જે આ રાક્ષસી પ્રવાહ સામે ઊંટના મોંમાં જીરા સમાન હતા. રાત્રે ૧૨:૩૦ વાગ્યે પાણી ડેમની ઉપરથી વહેવા લાગ્યું અને માટી ઓગળવાની શરૂઆત થઈ ગઈ...

### ૩૦ ફૂટ ઊંચી પાણીની દીવાલ અને ૬૨ ડેમ્સનો કચ્ચરઘાણ

૭ ઓગસ્ટ, રાત્રે ૧:૩૦ વાગ્યે ડેમ ફાટ્યો. ૬૦૦ મિલિયન ક્યુબિક મીટર પાણી એકસાથે બહાર ધસી આવ્યું. આ કોઈ સાદું પૂર નહોતું, આ હતી ૩૦ ફૂટ ઊંચી પાણીની દીવાલ, જે ૬૦ કિમી/કલાકની ઝડપે દોડી રહી હતી!

ઊંઘતા લોકોને તો પથારીમાંથી ઊભા થવાનો કે ચીસ પાડવાનો પણ મોકો ન મળ્યો. આગળ જતાં આ પ્રલયે બીજા નાના-મોટા ડેમ્સને અડફેટે લીધા. એક પછી એક કુલ ૬૨ ડેમ્સ પત્તાના મહેલની જેમ તૂટી પડ્યા થોડા જ કલાકોમાં આખેઆખા શહેરો, રેલવે ટ્રેક અને હજારો ગામડાં નકશામાંથી ગાયબ થઈ ગયા. પૂર ઓસર્યા પછી જે દ્રશ્ય હતું તે કંપાવી મૂકે તેવું હતું. રસ્તા અને પાટા તૂટી ગયા હોવાથી મદદ પહોંચાડવી અશક્ય હતી. હેલિકોપ્ટરમાંથી ફેંકવામાં આવતો ખોરાક પણ ગંદા પાણીમાં પડીને ખરાબ થઈ જતો હતો. ભીષણ ગરમીમાં કાદવ વચ્ચે લાખો લાશો અને પશુઓ સડવા લાગ્યા. પીવાના ચોખ્ખા પાણીના ટીપે-ટીપા માટે લોકો તરસી રહ્યા હતા. પરિણામે ટાઈફોઈડ અને મરડો જેવી મહામારી ફેલાઈ. પૂરના પાણીમાં ડૂબવાથી જેટલા લોકો મર્યા હતા, તેના કરતાં અનેક ગણા વધારે લોકો ભૂખ અને બીમારીથી તડપી તડપીને મરી ગયા. ૩૦ વર્ષ સુધી આટલી મોટી હોનારત પછી પણ ચીની સરકારે દુનિયા સામે એક શબ્દ પણ ન બોલ્યો. ન્યૂઝપેપર્સ, રેડિયો અને સરકારી રેકોર્ડ્સમાંથી 'બેન્કિયાઓ ડેમ' શબ્દ જ ભૂંસી નખાયો. આ ઘટનાને 'ટોપ સિક્રેટ' ફાઈલોમાં દફનાવીને માત્ર કુદરતી આફત ગણાવી દેવાઈ.

### સત્ય કેવી રીતે ફૂટ્યું?

૧૯૯૫માં હ્યુમન રાઈટ્સ વોચે એક ધમાકેદાર રિપોર્ટ બહાર પાડ્યો. ત્યારબાદ ચીન જ્યારે 'થ્રી ગોર્જિસ ડેમ' બનાવી રહ્યું હતું ત્યારે વિશ્વ બેંક અને રોકાણકારોએ જૂના સેફ્ટી રેકોર્ડ્સ પર સવાલો ઉઠાવ્યા. આખરે ૨૦૦૦ના દાયકામાં ઈન્ટરનેટ પર સરકારી ફાઈલો લીક થઈ અને છેવટે ૨૦૦૫માં ચીને સત્તાવાર રીતે સ્વીકાર્યું કે આ માત્ર કુદરતી આફત નહોતી, પણ માનવીય અહંકાર, ભ્રષ્ટાચાર અને બેદરકારીનું પરિણામ હતું.

આજે બેન્કિયાઓ ડેમ ફરીથી આધુનિક ટેકનોલોજી અને વિશાળ ગેટ્સ સાથે બની ગયો છે. પરંતુ રુ નદી કિનારે ઊભેલા સ્મારકો આજે પણ એ સાબિતી આપે છે કે–જ્યારે માણસ કુદરત કરતા પોતાને વધુ હોશિયાર સમજવાની ભૂલ કરે છે, ત્યારે કુદરત એવો હિસાબ માંગે છે જેની કિંમત લાખો નિર્દોષ જિંદગીઓએ ચૂકવવી પડે છે.